**સ્પે.એટ્રો. કેસ નંબરઃ– 15/2020**
**આંક –32**

| | | |
|---|---|---|
| સ્પે.એટ્રો. કેસ નંબરઃ– 15/2020 | | |
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 5 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | જબ્બરસિંગ સમરાજી ઠાકોર | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9727285315 |
| ઉંમર આશરે | ૩૯ | વરસની | ધંધો | ખેતી |
| રહેવાનુ | ઝાબડીયા તા.ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | એસ.કે.જોષી |

(૧) તા.૧૮/૩/૨૦ના રોજ હું જાબડીયા ગામે બસસ્ટેન્ડ ઉપર ઉભો હતો તે વખતે રોડ ઉપર પોલીસે એક તૈયાર પંચનામામાં મારી સહી કરાવેલી. પંચનામાની વિગતે હું કશુ જાણતો નથી.

મને આંક:૩૧વાળું ગુનાવાળી જગ્યાનું પંચનામું બતાવવામાં આવે છે, તેમાં પંચ નં.ર તરીકે મારી સહી છે, જે ઓળખી બતાવુ છું.

. એવું બનેલ નથી કે ડીસા રૂરલ પો.સ્ટે.ના તપાસ કરનાર અધિકારીશ્રીએ અમોને જાબડીયા ગામે રોહીતવાસમાં સુરેશચંદ્ર ઈશ્વરભાઈના ઘર આગળ બોલાવેલા. સદર જગ્યાએ ફરીયાદી હાજર હોય અને જેઓએ અમારી હાજરીમાં કપડા રજુ કરેલ હોય તેમજ લોખંડના હાથામાં ફીટ કરેલ જુના જેવુ ધારીયુ રજુ કરેલ હોય. મુદામાલ મારી હાજરીમાં રજુ કરેલ ન હોય મને બતાવવામાં આવે તો ઓળખી શકુ નહી.

**આ તબકકે વિ.એ.જી.પી.શ્રી એ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેમની વિગતવારની ઉલટ તપાસ કરવા પરવાનગી આપવા વિનંતી કરતાં , સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવે છે.**

એ વાત ખરી નથી કે ''ડીસા રૂરલ પો.સ્ટે.ના તપાસ કરનાર અધિકારીશ્રીએ અમોને જાબડીયા ગામે રોહીતવાસમાં સુરેશચંદ્દ ઈશ્વરભાઈના ઘર આગળ બોલાવેલા. સદર જગ્યાએ ફરીયાદી હાજર

સાહેદની સહી............................

હોય અને જેઓએ અમારી હાજરીમાં કપડા રજુ કરેલ હોય તેમજ લોખંડના હાથામાં ફીટ કરેલ જુના જેવુ ધારીયુ રજુ કરેલ.'' એ વાત ખરી નથી કે આરોપીને બચાવવા સોગંધ પર ખોટી જુબાની આપુ છું.

**સરતપાસ પુરી.**

**<u>આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી.બી.એલ.પ્રજાપતિ..</u>**

(૨) એ વાત ખરી છે કે પોલીસે તૈયાર પંચનામામાં સહી કરવાનુ કહેતા સહી કરેલી અને પંચનામાની વિગતે કંઈ જાણતા નથી.

**વિશેષ ઉલટતપાસ નથી,**
**ફેર ઉલટતપાસ નથી.**
**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................

સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૧૧/૧૧/૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>સ્પે.જજ એટ્રો, ડીસા |

સાહેદની સહી............................